# NGOના સંચાલનમાં મહિલાઓની ભાગીદારી (કચ્છ જિલ્લાના સંદર્ભમાં)

**Dr. C.S.JHALA**
**Asso. Professor (Economics)**
**R.R.LALAN COLLEGE BHUJ, (KACHCHH) 370001**

**HARESHKUMAR K. HARIJAN**
**VISITING LECTURER (Economics)**
**R.R.LALAN COLLEGE BHUJ, (KACHCHH) 370001**

સારાંશ

ભારતમાં આર્થિક અને સામાજિક પ્રશ્નોના નિવારણ માટે સરકારશ્રી દ્વારા અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આમ છતાં આર્થિક અને સામાજિક પ્રશ્નોના સંપૂર્ણ ઉકેલ માટે સરકારી તંત્ર સંપૂર્ણ રીતે સફળ થતું નથી ત્યારે આર્થિક અને સામાજિક ક્ષેત્રે **NGO (non government origination)** કાર્ય કરે છે.

કચ્છમાં ૨૦૦૧ના ધરતીકંપ પછી આર્થિક અને સામાજિક ક્ષેત્રે કામ કરતા **NGO** ની સંખ્યામાં મોટો વધારો થયો છે. ટ્રસ્ટ રજીસ્ટ્રારની કચેરી ભુજમાં નોંધાયેલ **NGO** ની સંખ્યા ૩૬૪ની છે ત્યારે મુખ્ય પ્રશ્ન એ ઉદ્દભવે છે કે કચ્છમાં નોંધાયેલ **NGO**નાં કાર્યોમાં પણ મહિલા અને બાળ વિકાસ સાથે સંકળાયેલા **NGO**નું પ્રમાણ કચ્છમાં વધું જોવા મળે છે. ત્યારે આ **NGO** માં મહિલાઓની ભાગીદારી શું ? છે. તેથી આ સંશોધન અભ્યાસમાં વર્ષ૨૦૧૭-૧૮માં **NGO** માં મહિલાની ભાગીદારી શું છે તે જાણવાનો પ્રયાસ થયો છે. **Ngo** માં મહત્વના પદ જેવા કે પ્રમુખ,ઉપપ્રમુખ,મંત્રી અને ખજાનચીના પદ ઉપર મહિલાની ભાગીદારી શું છે તે જાણી આર્થિક અને સામાજિક ક્ષેત્રે કામ કરતા **NGO** માં મહિલા સશક્તિકરણ અને તેની ભૂમિકા શું છે તે જાણવાનો આ સંશોધન અભ્યાસમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રસ્તાવના

પ્રાચિન સમયથી જ ભારતીય સંસ્કૃતિમાં દયા, દાન, સેવા સહાય જેવી ભાવનાઓનું ઊંચું મૂલ્ય રહેલું છે. લોકોમાં દાન, ધર્મ, સેવાના ગુણો પેઢી દર પેઢી આગળ ચાલતા અને તેમાં સમયની સાથે ફેરફારો થયા છે. જયારે કોઈ કાર્ય એક વ્યક્તિ દ્વારા પૂર્ણ ન થઈ શકે તેમ હોય ત્યારે એ કાર્ય માટે અન્ય વ્યક્તિની મદદ લેવામાં આવે છે. આમ, દયા, દાન અને સેવા જેવા કર્યો વ્યક્તિગત ધોરણે તેમજ સામુહિક ધોરણે ભારતમાં પ્રાચિન સમયથી જ થતા આવ્યા છે. સાથો સાથ રાજ્ય દ્વારા પણ આવા સેવા કર્યો કરવામાં આવતા હતા. આમ છતાં આવી સેવાકીય પ્રવૃતિને કોઈ ચોક્કસ સ્વરૂપ આપવામાં આવ્યું ન હતું. આવા સેવા કર્યો મહદ્દઅંશે પશુ,પંખીઓના સેવા કાર્યમાં સવિશેષ જોવા મળતા હતા. જેને આપણે આજે પાંજરાપોળ(મહાજન) તરીકે ઓળખાવીએ છીએ. જયારે માનવીય દ્રષ્ટિએ આરોગ્ય,સદવર્ત(જમવા તેમજ ઉતારાની વ્યવસ્થા) વગેરે ક્ષેત્રે આવી સેવાકીય પ્રવૃત્તિ સવિશેષ જોવા મળતી હતી.

આધુનિક સમયમાં સેવાકિય પ્રવૃત્તિને બિન નફાકારક પ્રવૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે. તેમજ આ પ્રવૃત્તિ રાજ્યને બદલે વ્યક્તિઓના સમૂહ દ્વારા કરવામાં આવે છે. ત્યારે તેને **Non Government Organization (NGO)** કહેવામાં આવે છે. ભારતમાં ૧૮૫૦ માં બોમ્બે પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એક્ટ પ્રમાણે આવા **NGO** ની કામગીરીને કાયદા દ્વારા માન્યતા આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રાઈવેટ ટ્રસ્ટ એક્ટ ૧૮૮૨ દ્વારા આવા **NGO**ને કાયદાકિય સ્વરૂપ આપવામાં આવ્યું છે.

વૈશ્વિક ધોરણે પણ અઢારમી સદીમાં આવા **NGO** કાર્યરત હતા. **UNO** એ પણ તેના સેક્સન ૭૧ ના પ્રકરણ ૧૦માં **NGO** ની માન્યતા અને તેના કાર્યને મંજુરી આપી છે.

સેવાકિય કાર્ય અને **NGO** ની કામગીરીમાં હંમેશા પુરુષોનું પ્રાધાન્ય જોવા મળ્યું છે. ત્યારે આ સંશોધન પેપર દ્વારાએ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે **NGO** ની કામગીરીમાં મહિલાઓની ભાગીદારી શું છે. **NGO**ની કામગીરીમાં મહિલા શું વાસ્તવિક રીતે કાર્યરત છે તે જાણી સેવાકીય પ્રવૃત્તિમાં મહિલાઓની ભાગીદારીને તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**મહિલા સશક્તિકરણની જરૂરિયાત**

માનવ સમાજને જાતીને આધારે સ્ત્રી અને પુરુષ એમ બે વિભાગમાં વિભાજીત કરીએ છીએ. ત્યારે આ બંને વિભાગો વચ્ચે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક , ધાર્મિક અને રાજકિય રીતે સમાનતા હોવી જોઈએ. એટલે કે માનવ જીવનને અસર કરતા તમામ ક્ષેત્રોમાં સ્ત્રી અને પુરુષને સમાન તકો,હકો અને વપરાશ પ્રાપ્ત થવી જોઈએ. ભારતમાં સતયુગ અને પ્રાચિન ગ્રંથો તેમજ પ્રાચિન સભ્યતામાં સ્ત્રીઓને સમાન હક,તક અને અધિકારો આપવામાં આવ્યા હતા.

સમયની સાથોસાથ ઉપરોક્ત સ્થિતિમાં એ પ્રકારના ફેરફારો થયા કે માનવ જીવનમાં સ્ત્રીઓની તુલનામાં પુરુષને વધારો હકો અને તકો પ્રાપ્ત થયા અને તે સ્ત્રીઓના હકો અને તકોના ભોગે પ્રાપ્ત થયા હતા. જેથી મધ્યકાલીન યુગથી આજના આધુનિક યુગ સુધી સ્ત્રીઓને તેને મળવા પાત્ર તમામ હકો અને તકો આજે પણ મળવા પાત્ર નથી. ત્યારે એક તંદુરસ્ત સમાજ રચના માટે સ્ત્રી સશક્તિકરણની જરુરીયાત ઉભી થઈ છે. તેમ કહી શકાય.

**સ્ત્રી સશક્તિકરણમાં NGOનો ફાળો**

સ્ત્રી સશક્તિકરણની વર્તમાન સ્થિતિ અને સ્ત્રીઓને સમાન હકો અપાવવા માટે સરકારની સાથો સાથ **NGO** પણ કાર્યરત છે. જુદા જુદા **NGO** સ્ત્રીઓ સાથે સંકળાયેલા પ્રશ્નોને દુર કરવા માટે જુદા જુદા કર્યો કરે છે. જેમાં સ્ત્રી આરોગ્ય, બાળ વિકાસ, પોષણસમ આહાર, તાલીમ, આર્થિક સહાય વગેરે ક્ષેત્રમાં **NGO** પોતાની કામગીરી બજાવી રહ્યા છે.

ખાસ કરીને કચ્છ જીલ્લામાં મહિલા સંબંધી આર્થિક,સામાજિક અને સાંસ્કૃતિક સમસ્યાઓનું પ્રમાણ વધું જોવા મળે છે. ભૌગોલિક રીતે વિશાળ વિસ્તાર ધરાવતા હોવાને કારણે તેમજ અનેક જ્ઞાતિ અને સમાજના લોકો આ વિસ્તારમાં વસવાટ કરતા હોવાને કારણે તેમજ કચ્છ જીલ્લો વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવતો હોવાને કારણે પણ મહિલા સંબંધી આર્થિક અને સામાજિક પ્રશ્નો વિશાળ પ્રમાણમાં જોવા મળે છે. ત્યારે સામુહિક ધોરણે તેમજ સ્ત્રીઓના વિશાળ સમૂહના પ્રશ્નોને નિવારવા માટે વ્યક્તિગત તેમજ સરાકારી પ્રયાસો ઉપરાંત **NGO** પણ સવિશેષ રીતે કાર્યરત છે. કચ્છ જીલ્લામાં ભૂકંપ બાદ આર્થિક,સામાજિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે અનેક **NGO** કાર્યરત છે. ત્યારે એ પ્રશ્ન પણ ઉભો થાય છે કે કચ્છ જીલ્લામાં કાર્યરત **NGO** માં સ્ત્રી સશક્તિકરણ માટે કાર્યરત **NGO** ની સંખ્યા શું છે તે જાણવું જરૂરી બંને છે.

કચ્છ જીલ્લામાં કાર્યરત **NGO** માં માત્રને માત્ર મહિલા સંબંધી સમસ્યાઓ અને તેના પ્રશ્નો માટે કાર્યરત **NGO**ની સંખ્યા નીચે પ્રમાણે દર્શાવી શકાય.

| કચ્છ જીલ્લામાં કાર્યરત **NGO** (રજીસ્ટ્રાર ઓફીસ ભુજ-૨૦૧૭) | કચ્છમાં માત્ર સ્ત્રીઓની સમસ્યા માટે કાર્યરત **NGO** ની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|
| ૩૬૪ | ૨૨ | ૬.૩૨ |

ઉપરોક્ત કોષ્ટકને આધારે એ સ્પષ્ટ થાય છે કે કચ્છ જીલ્લામાં NGOની કામગીરી ખુબ જ વ્યાપક હોવા છતાં માત્ર મહિલા સંબંધી પ્રશ્નો અને સમસ્યાઓમાં નિવારણ માટે કાર્યરત NGO નું ટકાવારી પ્રમાણ માત્ર ૬.૩૨ ટકા જેટલું નીચું છે.

સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં કચ્છ જીલ્લામાં NGO માં મહિલાની ભાગીદારી તપાસવા માટે કચ્છ જીલ્લામાં કાર્યરત NGOમાં મહિલાઓ NGO ના મુખ્ય પદો ઉપર કાર્ય કરે છે કે નહિ અથવા NGO માં કાર્યપધ્ધતિમાં મહિલાની સક્રિય ભાગીદારી શું છે તે તપાસવા માટે કચ્છ જીલ્લાના ૩૬૪ NGO માંથી યદચ્છ રીતે ૨૦ NGO પસંદ કરવામાં આવ્યા છે. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી, મંત્રી તેમજ સભ્ય સંખ્યામાં સ્ત્રીઓની કેટલી છે. તે જાણવામાં આવ્યું છે. અને તેને આધારે કચ્છના NGOમાં મહિલાઓની ભાગીદારીનું પ્રમાણ મેળવવામાં આવ્યું છે. તેમજ પ્રમુખ, ઉપપ્રમુખ, ખજાનચી, મંત્રી વગેરે જેવા મહત્વના પદો ઉપર સ્ત્રીઓની ભાગીદારી કેટલી છે તે જાણવામાં આવ્યું છે.

અભ્યાસના હેતુઓ

(૧) કચ્છ જિલ્લામાં કામ કરતા NGO નું પ્રમાણ જાણવું.

(૨) કચ્છમાં કાર્યરત NGO ના મહત્વના પદોમાં મહિલાની ભાગીદારી જણાવી.

(૩) કચ્છમાં કાર્યરત NGO ના સભ્ય પદોમાં (કારોબારીમાં) મહિલાનું પ્રમાણ જાણવું.

ભારતમાં કાર્યરત NGOને મુખ્યત્વે નીચેના વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે.

**(1) TSO –Third sector Organization**
**(2) NPO – Non Profit Organization**
**(3) VO – Volunary Organization**
**(4) CSO – Civil Society Organization**
**(5) SMO – Social Movement Organization**

ભારતમાં કાર્યરત શ્રેષ્ઠ NGOમાં સમાન ફાઉન્ડેશન,ગુજ,અક્ષય ટ્રષ્ટ,ઉડાન વેલ્ફેર ફાઉન્ડેશન,પ્રથમ,લેપરા સોસાયટી,દીપાલયા,ઉદય ફાઉન્ડેશન જેવા NGOની કામગીરી પોતાના કાર્યક્ષેત્રમાં વિશેષ સ્થાન ધરાવે છે. ૨૭ ફેબ્રુઆરીને વિશ્વ NGO દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

કચ્છ જિલ્લામાં NGO

કચ્છ જેવા વિશાળ ભુ-ભાગ ધરાવતા પ્રદેશમાં પ્રાચિન સમયથી જ સેવાકીય પ્રવૃત્તિ ચાલતી રહી છે. દાદા મેકરણની સેવાકિય પ્રવૃત્તિથી કચ્છ જ નહિ પરંતુ ગુજરાત પણ પરિચિત છે. કચ્છ જીલ્લામાં દર ત્રીજા વર્ષે અછતની સ્થિતિ ઉભી થતી હોય છે ત્યારે જીલ્લાના પશુ – પંખીની જાળવણી માટે કાર્યરત સંસ્થાઓનું પ્રમાણ જીલ્લામાં ખુબ વધુ છે. લગભગ દરેક તાલુકાકક્ષા, શહેરમાં મહાજન સંસ્થા કાર્યરત છે. તેજ રીતે જીલ્લાના મુખ્ય દેવાલયો,ધાર્મિક સ્થળો વગેરે પણ આ પ્રકારની સેવાકિય પ્રવૃત્તિ માટે કાર્યરત છે. જેમ કે રવેચી મંદિર હજારોની સંખ્યામાં ગાયોના પોષણનું કાર્ય કરે છે.

કચ્છમાં વિનાશક ભૂકંપ બાદ કચ્છ જીલ્લામાં ચાલતી સેવાકિય પ્રવૃત્તિમાં વધારો થયો છે અને આ સેવાકિય પ્રવૃત્તિને કાયદાનું સ્વરૂપ આપી NGO તરીકે રજીસ્ટ્રેશાન કરાવવાનું પ્રમાણ વધ્યું છે.

ટ્રષ્ટ રજીસ્ટ્રેશન ઓફિસ બહુમાળી ભવન ભુજ કચ્છના ૨૦૧૭ના રીપોર્ટ પ્રમાણે હાલ કચ્છમાં જુદા જુદા ક્ષેત્રે ૩૬૪ NGO કાર્યરત છે. જે મુખ્યત્વે શૈક્ષણિક,સામાજિક,સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે કાર્ય કરે છે. કચ્છમાં કામ કરતા NGO નું કાર્ય શહેરી અને ગ્રામિણ એમ બંને વિસ્તારો સુધી વિસ્તરેલું જોવા મળે છે.

સંદર્ભ સાહિત્ય

તોફિક અહેમદ, અનંતા નારાયણ (૨૦૧૫) :- ધ્વારા ઉતર પ્રદેશમાં સ્ત્રી સશક્તિકરણમાં NGOની ભૂમિકા તપાસતા તેના તારણોમાં એ બાબત સ્પષ્ટ થાય છે કે ઉતર પ્રદેશમાં NGOની કામગીરીની મહિલાઓના નિવારણમાં મહત્વની ભૂમિકા જોવા મળે છે. સ્ત્રીઓની જીવનશૈલી,સ્ત્રીઓની આર્થિક સ્થિતિ,સ્વતંત્રતા,આત્મા નિર્ભરતા વગેરે બાબતોમાં NGOની કામગીરીને કારણે ગુણાત્મક સુધારાઓ જોવા મળ્યા છે. મહિલાઓની આરોગ્યની સ્થિતિમાં સુધારો થયો છે. સ્ત્રીઓની ભાગીદારી આર્થિક,સામાજિક અને રાજકીય ક્ષેત્રે વધી છે.

મુથ્થુ સ્વામી (૨૦૧૪) :- સ્ત્રી સશક્તિકરણની જરૂરીયાતના સંદર્ભે થયેલ સંશોધન અભ્યાસમાં મુથ્થુ સ્વામી જણાવે છે રાષ્ટ્રના વિકાસ માટે GDPમાં વૃદ્ધિ માટે સ્ત્રીઓની ભૂમિકા ભારતમાં મહત્વની છે. આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે સમાનતા મેળવવા સામાજિક પ્રશ્નોના નિવારણ માટે મહિલા સશક્તિકરણની જરુરીયાત રહેલી છે. મહિલા સશક્તિકરણમાં NGOની ભૂમિકામાં સ્વીકાર કરતા જણાવે છે કે મહિલાઓ NGOમાં અસરકારક તેમજ કાર્યક્ષમ રીતે કાર્ય કરે છે. મહિલાઓ ધ્વારા સંચાલિત NGOની કામગીરીમાં પારદર્શિતા વધુ જોવા મળે છે.

ઉપરોક્ત સંશોધન અભ્યાસનો સાર એ છે કે રાષ્ટ્ર નિર્માણમાં NGOની ભૂમિકા મહત્વની છે. NGO ના કાર્યક્ષમ સંચાલનમાં પણ મહિલાઓની NGO માં સક્રિય ભાગીદારી ખુબ જ જરૂરી છે.

કચ્છ જીલ્લાના NGOમાં મહિલાઓની ભાગીદારી

કચ્છ જીલ્લામાં કાર્યરત NGO ની કામગીરીમાં મહિલાઓની ભાગદારી શું છે તે પ્રશ્નના ઉકેલ માટે કચ્છમાં કામ કરતા ૩૬૪ NGO માં મહિલાઓની ભાગીદારી શું છે તે જાણવા માટે નીચે મુજબના ધોરણો નક્કી કરવામાં આવેલ છે.

(૧) NGO ની કારોબારીમાં મહિલાઓની સંખ્યા

(૨) NGO ના પ્રમુખ, અધ્યક્ષ તરીકે મહિલા

(3) NGO ના ઉપપ્રમુખ તરીકે મહિલાનું સ્થાન

(૪) NGO ના ખજાનચી તરીકે મહિલાઓનું સ્થાન

(૫) NGO ના મંત્રી તરીકે મહિલાનું સ્થાન

ઉપરોક્ત ધોરણોને ધ્યાનમાં રાખીને સંશોધન અભ્યાસ માટે પસંદ કરેલા ૧૮ NGOના મળેલા અભ્યાસના તારણો નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

(૧) સંશોધન અભ્યાસમાં પસંદ કરેલા ૨૦ NGO ની કુલ સભ્ય સંખ્યા ૧૯૪ ની છે. જેમાંથી ૧૩૮ પુરુષ સભ્યો છે. જયારે ૫૬ મહિલા સભ્યો છે. જેને ટકાવારીને આધારે તપાસતા કહી શકાય કે પસંદ કરેલા NGO ના ૭૧.૧૪ ટકા સભ્યો પુરુષ છે. જયારે ૨૮.૮૬ ટકા સભ્યો મહિલા છે.

ઉપરના તારણને આધારે એ બાબત સ્પષ્ટ થાય છે કે કચ્છ જિલ્લાના પુરુ ગીદારીભા મહિલાની માંNGOષની તુલનામાં ત્રણ ગણા કરતા પણ ઓછી જોવા મળે છે.

(૨) NGO ના પ્રમુખ અધ્યક્ષમાં મહિલાની ભાગીદારી શું છે તે તપાસવા માટે પસંદ કરેલા ૨૦ NGO ના અધ્યક્ષ અથવા પ્રમુખ કોણ છે તેને આધારે તેનું સ્ત્રી અને પુરુષમાં વિભાજન ૧૮ NGOમાં પ્રમુખ અથવા અધ્યક્ષનું સ્થાન પુરુષના હાથમાં છે. જયારે ૨ NGO માં મહિલાઓ આ સ્થાન ધરાવે છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો પ્રમુખપદ ઉપર ૯૦ ટકા પુરૂષોનું વર્ચસ્વ જોવા મળે છે. જયારે ૧૦ ટકા મહિલાઓ સ્થાન ધરાવે છે.

(3) પસંદ કરેલા NGO ના ઉપપ્રમુખમાં કોને સ્થાન મળેલ છે તેની માહિતી એકત્રીત કરતા જણાય છે કે 14 NGO માં પુરુષ જયારે ૬ NGO માં સ્ત્રી ઉપ પ્રમુખના પદ ઉપર કામ કરે છે. જેને ટકાવારીને આધારે વિભાજીત કરતા ૭૦ ટકા ઉપપ્રમુખના પદ ઉપર પુરુષ અને ૩૦ ટકા ઉપપ્રમુખના પદ ઉપર મહિલા છે. જેમાં પણ એ ત્રણ પ્રાપ્ત થાય છે કે ઉપપ્રમુખના પદમાં મહિલાની ભાગીદારી પુરુષની સરખામણીમાં ત્રીજા ભાગની છે.

(૪) પસંદ કરેલા NGO માં ખજાનચી તરીકેની કામગીરી કોણ સંભાળે છે તે અંગેની માહિતીના વિશ્લેષણને આધારે સ્પષ્ટ કરી શકાય કે પસંદ કરેલા ૨૦ NGO માંથી ૫ NGO માં ખજાનચીની ભૂમિકા મહિલા જયારે બાકીના ૧૫ NGO માં ખજાનચી તરીકેની કામગીરી પુરુષ બજાવતા હતા. જેને ટકાવારીના પ્રમાણમાં જોતા મહિલાની ભાગીદારી ખજાનચીમાં ૨૫ ટકા જયારે પુરુષની ભાગીદારી ૭૫ ટકા જોવા મળે છે. જે દર્શાવે છે કે ખજાનચીમાં પણ મહિલાની ભાગીદારીનું પ્રમાણ ખુબ ઓછું જોવા મળે છે.

(૫) પસંદ કરેલા NGOમાં મંત્રી તરીકેની જવાબદારી કોણ સંભાળે છે તે માહિતીનું વિશ્લેષણ કરતા જણાય છે કે કુલ પસંદ કરેલા ૨૦ NGO માંથી માત્ર ૪ NGO માં મંત્રીના પદ ઉપર મહિલા બિરાજમાન છે. જયારે બાકીના ૧૬ મંત્રીના પદો ઉપર પુરૂષોનો કબજો છે. જેને ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો મંત્રી પદમાં મહિલાની ભાગીદારી ૨૦ ટકા જયારે પુરુષની ભાગીદારી ૮૦ ટકા જેટલી છે. જેમાં એ સ્પષ્ટ થાય છે કે મંત્રી પદની ભાગીદારીમાં સ્ત્રીની ભૂમિકા પુરુષોની તુલનામાં ખુબ જ ઓછી જોવા મળે છે.

ઉપરોક્ત આંકડાકિય માહિતીના વિશ્લેષણને આધારે એ બાબત સ્પષ્ટ થાય છે કે NGOની મહત્વની કામગીરી અને જવાબદારીમાં સ્ત્રીઓની ભૂમિકા પુરુષોની ભૂમિકા કરતા ખુબ ઓછી જોવા મળે છે. તાજેતરના વર્ષોમાં સ્ત્રી સશક્તિકરણનો ખ્યાલ ઝડપથી પ્રસરી રહ્યો છે. સ્ત્રી પુરુષના આર્થિક અને સામાજિક ક્ષેત્રે સમાન હક અને ફરજોને કાયદા દ્વારા માન્યતા આપવામાં આવી છે. ત્યારે NGOની કામગીરીમાં સ્ત્રીઓની ભાગીદારી ખુબ નીચી જોવા મળે છે તે એક આશ્ચર્ય છે.

NGO માં સ્ત્રીઓની ભાગીદારી વધે તેમજ NGO ના નિર્ણયકરણની પ્રકિયામાં મહિલાઓનું મહત્વનું યોગદાન આપી શકે તે માટે નીચે પ્રમાણેના કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે.

(૧) જે NGO માત્ર મહિલા અને બાળ વિકાસ માટે કામ કરતા હોય તેવા NGOમાં તમામ મહત્વના હોદ્દાઓ ઉપર મહિલાઓ જ હોવી જોઈએ.

(2) NGO ના રજીસ્ટ્રેશન માટે જયારે નોંધણી ફોર્મ રજુ કરવામાં આવે છે ત્યારે પણ NGO ઓમાં ઓછામાં ઓછી મહિલાઓની સંખ્યા મહત્વના પદો મહિલાઓ માટે અનામત વગેરે જેવી જોગવાઈ સરકારશ્રી દ્વારા કરાવી જોઈએ.

(3) જે NGO માં મહિલા પ્રમુખ હોય તવા NGO ને રાજ્ય દ્વારા વિશિષ્ટ પ્રકારની સહાય પુરી પડાવી જોઈએ.

(૪) NGO ના સંચાલન માટે જરૂરી તાલીમ અને સંશોધનની વ્યવસ્થામાં મહિલાઓને પ્રાધાન્ય આપવું જોઈએ.

સંદર્ભસુચિ

૧. રજીસ્ટ્રાર ઓફિસ,બહુમાળી ભવન,ભુજ કચ્છ

૨. આર્થિક વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતો,જમનાદાસ પ્રકાશન.

3. સંશોધન પદ્ધતિઓ,અક્ષર પબ્લિકેશન.

૪. સ્ત્રી સશક્તિકરણ અને આર્થિક સ્થિતિ,

૫. કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર

૬. www.iipa.org.in